Regd. R.N.I. No. : GUJGUJ/18009

# ન્યૂઝ ક્લીક

News Click Weekly – સાપ્તાહિક

Year : 1 • Issue :16• Date : 07-09-2023 • Page - 4 • Yearly Subscription : Rs. 50/- • Rs. 1-00 • E-mail : newsclick@gmail.com

Office: C-3, 2nd Floor, City Point Complex, Opp. New Collector Office, Junagadh, Gujarat • Editor : Vijyaben V. Sisidiya • Mo. 98790 84567

# CMની દિલ્હી મુલાકાત પાછળ ચર્ચાનું બજાર ગરમ

## સ્વામીનારાયણ સંપ્રદાય દ્વારા બનાવાયેલા મંદિરની ભીંતચિત્રમાં હનુમાનજીને સંપ્રદાય સ્વામીના સેવક દર્શાવાયા હોવા મામલે વિવાદ વકર્યો છે

ગાંધીનગર,

એક સમયના ગૌ સેવા આયોગના ચેરમેન ડો. વલ્લભ કથિરીયાની નિમણુંક રાજકોટ એઈમ્સના પ્રમુખ પદે દસેક દિવસ પહેલા થઈ હતી અને ચાર જ દિવસમાં તેઓનું ટેકનિકલ કારણોસર રાજીનામું લઈ લેવાયુ હતુ. જોકે રાજીનામુ લઈ લેવાયા બાદ પણ દસ દિવસ સુધી **AIIMS**ના પ્રમુખ તરીકેનું સન્માન લેતા રહેલા વલ્લભ કથિરીયા લોકોમાં હાંસીપાત્ર બન્યા હતા અને રાજીનામું લેવા પાછળ ખરેખર ટેકનિકલ કારણ હતું કે પછી અન્ય કોઈ કારણ હતુ? તેની ચર્ચાઓ પણ થઈ રહી હતી. સૂત્રોનું માનીયે તો એઈમ્સમાં અત્યાર સુધી પ્રમુખ પદે કોઈપણ મેડીકલ કોલેજમાં ટીચિંગ ફેકલ્ટી રહેલા ડોકટર-પ્રોફેસરની નિમણુંક થતી આવી છે. વલ્લભ કથિરીયા ડોકટર તો છે પરંતુ તેઓ ટીચીંગ ફેકલ્ટી નથી. જેને લઈને રાજકોટ **AIIMS**ની એકઝીક્યુટીવ કાઉન્સિલ અને ગવર્નિંગ કાઉન્સિલમાં વિરોધના સૂર ઉઠયા હતા અને તેઓ દ્વારા લેખિતમાં કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયને રજૂઆત કરવામાં આવી હતી. અને એટલે જ રાજકોટ એઈમ્સ જેવી નવી જ હોસ્પિટલમાં પ્રમુખ મુદે વિવાદોના ઘર ઉભા થાય એ પહેલાં તેમનુ રાજીનામું લઈ લેવાનું મુનાસિબ મનાયું હતું. ઉલ્લેખનીય છે કે સમગ્ર દેશમાં કુલ ૨૩ જેટલી એઈમ્સ છે. જેમાં માત્ર દિલ્હી એઈમ્સના પ્રમુખ પદે કેન્દ્રીય કેબિનેટ આરોગ્ય મંત્રી હોય છે. બાકી બધી જ જગ્યાએ ડોકટર-ટીચિંગ ડોકટર પ્રોફેસરોને પ્રમુખ બનાવાયા છે. એઈમ્સના બંધારણમાં ટીચિંગ પ્રોફેસર ડોક્ટરને જ પ્રમુખ બનાવવા એવો કોઈ નિયમ કે જોગવાઈ નથી પરંતુ ટીચિંગ પ્રોફેસર ડોક્ટરને પ્રમુખ બનાવાની પ્રણાલિ ચોક્કસ બની ચૂકી છે. જેના પરિણામે વલ્લભ કથિરીયાને રાજીનામું આપવું પડ્યું છે. ઉલ્લેખનીય છે કે, એઈમ્સના પ્રમુખનું પદ એ નોન એક્ઝીક્યુટીવ પોસ્ટ ગણાય છે ને બે મહિને મળતી બોર્ડની બેઠકમાં હાજરી આપવા સિવાય આ પોઝિશન પર મેજર જવાબદારી નથી હોતી. છેલ્લા સાડા ચાર વર્ષથી પ્રાથમિક શિક્ષણ વિભાગમાં રહીને સતત શિક્ષણ વ્યવસ્થાને સુધારવા મથતા ડો. વિનોદ રાવ વિરુદ્ધ છેલ્લા એક મહિનાથી શિક્ષકોએ મોરચો ખોલ્યો છે. સચિવને બદનામ કરતી અને તેમનું મોરલ ડાઉન થાય તે પ્રકારની વિવિધ પત્રિકાઓ તેઓ ફરતી કરી રહ્યા છે. શિક્ષકો માટે બાયોમેટ્રીક હાજરી ફરજિયાત કરવા સહિત બાળકોને ખરા અર્થમા શિક્ષણ મળે એ માટે શિક્ષકોના સતત મૂલ્યાંકનની પ્રથા લાવનારા શિક્ષણ સચિવ બદલાય તેવુ તેઓ ઈચ્છી રહ્યા છે. હાલમાં તો **TET-TAT** પાસ શિક્ષકોને કાયમી નોકરીને બદલે કોન્ટ્રાકટ બેઈઝ રાખવા માટેનો આઈડિયા કથિત રીતે રાજય સરકારને આપવા મુદ્દે વિનોદ રાવના માથે ઠીકરું ફોડવામાં આવ્યું છે. અગાઉ પ્રિન્ટીંગ પ્રેસ એસોસિએશન દ્વારા પણ ખોટી માહીતી ફરતી કરાઈ હતી, કારણ કે પાઠ્ય પુસ્તક મંડળમાં ચાલતી લાલિયાવાડી વિનોદ રાવે બંધ કરાવી હતી. અધિકારીઓની દ્રષ્ટિએ પ્રાથમિક શિક્ષણ વિભાગ એ ક્રીમ પોસ્ટીંગ નહી ગણાતુ હોવા છતાં કેટલાક ઉચ્ચ **IAS** અને **IPS** અધિકારીઓની લોબી પણ સક્રિય પણે આદુ ખાઈને રાવની પાછળ હોવાનુ ચર્ચાઈ રહ્યુ છે. જેના ભૂતકાળ માં વડોદરા પાસેના એક મોટા જમીન પ્રકરણમાં વિનોદ રાવે તે સમયના અધિકારીઓને ખોટો ફાયદો નહી કરાવી આપવા સહિત તે સમયે **CMO** માં સીધી જાણ કરી હોવાનું કારણ મનાય છે. **CMO** ના પૂર્વ ઓફિસર ઓન સ્પેશિયલ ડયુટી આઈએએસ એમ.ડી.મોડીયા અને હાલ **GSRTC**ના એમડી તરીકે કાર્યરત એમ.એ.ગાંધીની નિમણુક રેરાના સભ્ય પદે થઈ છે. હાઈકોર્ટે કરેલા ઓર્ડર અનુસાર પહેલા રેરાના ચેરમેન તરીકે અનિતા કરવાલ અને ત્યારબાદ સભ્યો તરીકે આ બે અધિકારીઓની પાંચ વર્ષ માટે નિમણુક કરવામાં આવી છે. એમ.ડી.મોડીયા અગાઉ સીએમઓમાં રહી ચૂક્યા છે ને નિવૃત્ત અધિકારી છે જયારે એમ.એ.ગાંધીનો વય નિવૃત્તિકાળ ટૂંક સમયમાં જ હતો પરંતુ વય નિવૃત્ત થાય એ પહેલા જ તેઓને પાંચ વર્ષનું પોસ્ટીંગ મળી ચૂક્યું છે.

## રાજ્યમાં ઓગસ્ટમાં વરસાદ ન પડતાં ખેડૂતો ચિંતિત

# દક્ષિણ, ઉત્તર અને મધ્ય ગુજરાતમાં ભારે વરસાદની આગાહી



અમદાવાદ,

ગુજરાતમાં જુલાઈ સુધી સારો વરસાદ વરસ્યા બાદ આખો ઓગસ્ટ મહિનો કોરો ધાકોર ગયો છે. ત્યાર બાદ સપ્ટેમ્બરમાં પણ શરૂઆતના પાંચ દિવસમાં વરસાદની કોઈ જ આગાહી નહીં હોવાથી ખેડૂતો ચિંતિત થયાં છે. પરંતુ હવે ફરીવાર ગુજરાતમાં વરસાદનું આગમન થયું છે. દક્ષિણ ગુજરાતના કેટલાક વિસ્તારોમાં મધ્યમ વરસાદ શરૂ થયો છે. આજે વહેલી સવારથી નવસારી, ડાંગ, ગોધરા અને સાપુતારા સહિતના વિસ્તારોમાં ધીમીધારે વરસાદ વરસી રહ્યો છે. બીજી તરફ હવામાન વિભાગ દ્વારા દક્ષિણ, ઉત્તર અને મધ્ય ગુજરાતમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. આગામી ૧૨ સપ્ટેમ્બર સુધી રાજ્યના મોટાભાગના જિલ્લાઓમાં ભારેથી અતિભારે વરસાદ પડી શકે છે. જેમાં ખાસ કરીને પંચમહાલ, દાહોદ, ગોધરા, નવસારી, ડાંગ, સાપુતારા, હિંમતનગર સહિતના વિસ્તારોમાં વરસાદ પડવાની શક્યતા છે.રાજ્યમાં પાંચમી સપ્ટેમ્બર સુધીમાં ૮૧.૮૫ ટકા વરસાદ નોંધાયો છે. આટલો વરસાદ હોવા છતાં રાજ્યના ૨૧ જિલ્લામાં ૯૧ ટકાથી વધુ વરસાદની ઘટ છે. જૂન-જુલાઈમાં સાડા ૨૭ ઈંચ વરસાદે છેલ્લાં ૯૬ વર્ષનો સૌથી વધુ વરસાદનો રેકોર્ડ સર્જ્યો હતો. પરંતુ ઓગસ્ટમાં વરસાદ રોકાઈ જવાથી ખેડૂતો ચિંતામાં મુકાઈ ગયા હતાં. રાજ્યમાં ઓગસ્ટ મહિનામાં સરેરાશ ૯ ઈંચ વરસાદ થવો જોઈએ તેની સામે માત્ર દોઢ ઈંચ વરસાદ થતાં ૮૯% વરસાદની ઘટ પડી છે. પોરબંદરમાં ૯૯% ઓછા વરસાદ સાથે રાજ્યનો સૌથી વધુ ઘટ ધરાવતો જિલ્લો રહ્યો છે. રાજ્યમાં કચ્છમાં ૧૩૬.૧૯, ઉત્તર ગુજરાતમાં ૬૭.૯૬, મધ્ય ગુજરાતમા ૬૬.૧૯, સૌરાષ્ટ્રમાં ૧૧૦.૧૨, દક્ષિણ ગુજરાતમાં ૭૩.૭૪ ટકા વરસાદ થયો છે. સરદાર સરોવર સહિત રાજ્યનાં ૨૦૭ જળાશયોમાં ઓગસ્ટના અંતે કુલ ૭૬.૬૦% જળસંગ્રહ થયો છે. તે પૈકી ૭૦.૭૨% પાણીનો જથ્થો ઉપયોગમાં લઈ શકાય તેમ છે. અન્ય ઝોનના ડેમની સ્થિતિની વાત કરીએ તો હાલ ઉત્તર ગુજરાતના ૧૫ ડેમમાં ૭૪.૨૭%, મધ્ય ગુજરાતના ૧૭ ડેમમાં ૪૫.૩૬%, દક્ષિણ ગુજરાતના ૧૩ ડેમમાં ૭૬.૩૩%, કચ્છના ૨૦ ડેમમાં ૬૨.૩૭%, સૌરાષ્ટ્રના ૧૪૧ ડેમમાં ૮૧.૯૩% પાણીનો જથ્થો ઉપલબ્ધ છે.

# વિમલ નમકીનનો પાંચ હજાર કિલો અખાદ્ય જથ્થો નાશ કરવામાં આવ્યો

રાજકોટ,

રાજકોટમાં આરોગ્ય વિભાગના દરોડા દરમિયાન કેટલાક ખાદ્ય પદાર્થોમાં કપડા ધોવાનો પાવડરનો ઉપયોગ કરવામાં આવે છે. એકના એક તેલમાં જ ફરસાણ તળવામા આવતુ હોય છે. વિમલ નમકીનનો પાંચ હજાર કિલો અખાદ્ય જથ્થો આરોગ્ય વિભાગે ઝડપીને તેને નાશ કરવામાં આવ્યો છે.

ચટપટો સ્વાદ તમને મોંઘો પડી શકે છે. તહેવારો દરમિયાન ચટપટા ફરસાણ સહિતના ચટાકા લેતા પહેલા સાવચેતી દાખવવી જરુરી છે. રાજકોટમાં આરોગ્ય વિભાગના દરોડા દરમિયાન કેટલાક ખાદ્ય પદાર્થોમાં કપડા ધોવાનો પાવડરનો ઉપયોગ કરવામાં આવે છે. એકના એક તેલમાં જ ફરસાણ તળવામા આવતુ હોય છે. વિમલ નમકીનનો પાંચ હજાર કિલો અખાદ્ય જથ્થો આરોગ્ય વિભાગે ઝડપીને તેને નાશ કરવામાં આવ્યો છે.

તહેવારોને લઈ આરોગ્ય વિભાગ દ્વારા દરોડાની કાર્યવાહી કરવામાં આવી હતી. જેમાં કેટલાક ફરસાણ અને નમકીનનો જથ્થો અખાદ્ય હોવાનુ જણાઈ આવ્યુ હતુ. તબિબો માને છે કે, જે રીતે કપડા ધોવાનો સોડાનો ઉપયોગ કરવામાં આવે તો, તે લાંબા ગાળે કેન્સર થઈ શકે છે. આ ચોંકાવનારી બાબત છે અને તેને અટકાવવુ જરુરી હોવાનુ તબિબ જણાવી રહ્યા છે.

## તંત્રી લેખ

# સનાતન પ્રત્યે ઘૃણા

તમિલનાડુમાં સત્તારૂઢ દ્રમુક ભાજપ વિરોધી વિપક્ષી ગઠબંધનનો એક મુખ્ય ઘટક તો છે જ, સાથે જ કોંગ્રેસનો જૂનો સહયોગી પક્ષ પણ છે. આ જ દ્રમુકના એક મુખ્ય નેતા ઉદયનિધિ સ્ટાલિને ઘોર નફરતી ઝેર ઓક્યું કે સનાતન ધર્મ મેલેરિયા, ડેંગ્યૂ અને કોરોના જેવો છે અને તેનો વિરોધ કરવો એ પૂરતું નથી, પરંતુ તેનો ખાત્મો જ કરી દેવો જોઈએ. ઉદયનિધિ તમિલનાડુ સરકારમાં મંત્રી હોવાની સાથે જ મુખ્યમંત્રી એમ.કે. સ્ટાલિનનો પુત્ર પણ છે. તેણે જે રીતે સનાતન ધર્મ ઉન્મૂલન સંમેલનમાં હાજર રહીને જાહેરમાં જ સનાતન ધર્મને ઉખાડી ફેંકવાની વાત કરી તે માત્ર વાંધાજનક જ નહીં, બલ્કે ઘૃણાસ્પદ પણ છે. એ પણ ઉલ્લેખનીય છે કે તેમણે ઉપરોક્ત સંમેલનના આયોજકોને એના માટે ધન્યવાદ પણ પાઠવ્યા કે તેમને આ આયોજનમાં બોલવાનો અવસર આપવામાં આવ્યો અને કાર્યક્રમનું નામ સનાતન ધર્મનો વિરોધ કરવો નહીં, પરંતુ તેનો ખાતમો કરવો રાખવામાં આવ્યું. તેનું આ કથન સનાતન ધર્મ પ્રત્યે તેની નફરત જ દર્શાવે છે. વાસ્તવમાં આને હેટ સ્પીટ સિવાય બીજું કશું જ ન કહી શકાય. શું આશા રાખી શકાય કે હેટ સ્પીચને લઈને જાગૃત અને અતિસક્રિય સુપ્રીમ કોર્ટ ઉદયનિધિ સ્ટાલિનના ઝેરી નિવેદનનું સ્વતઃ સંજ્ઞાન લેશે? ખબર નહીં, કોર્ટ શું કરશે, પરંતુ એ આશ્ચર્યજનક છે કે ઉદયનિધિ પોતાના ઘૃણાસ્પદ નિવેદન પર અફસોસ વ્યક્ત કરવાને બદલે તેના પર અડગ છે અને તેનો બચાવ પણ કરી રહ્યો છે. આ અહંકાર સાથે નિર્લજ્જતાની પરાકાષ્ઠા જ છે. આશ્ચર્યની વાત એ પણ છે કે 'મોહબ્બતની દુકાન' ખોલવાની ડંફાસો મારતી કોંગ્રેસના જ કેટલાક નેતાઓ અને વિપક્ષી ગઠબંધનના ઘટકોના નેતા પણ ઉદયનિધિના નિવેદનનો બચાવ કરી રહ્યા છે!

કેટલાક કોંગ્રેસી નેતાઓએ ઉદયનિધિના નિવેદન સાથે અસહમતિ વ્યક્ત કરી અને તેનું અંગત મંતવ્ય ગણાવીને હાથ ખંખેરી નાખ્યા, પણ આટલું પૂરતું નથી, કારણ કે આ એક ગંભીર બાબત છે, જેના પર કોંગ્રેસ નેતૃત્વએ પણ સફાઈ આપવી જોઈએ. સમજવું મુશ્કેલ છે કે પોતાને શિવભક્ત કહેતા અને જનોઈધારી બ્રાહ્મણ ગણાવતા રાહુલ ગાંધીએ ઉદયનિધિ સ્ટાલિનના દ્વેષપૂર્ણ નિવેદન પર હજુ સુધી કેમ મોંમાં મગ ભરી રાખ્યા છે? એટલા માટે, કારણ કે કોંગ્રેસ તમિલનાડુમાં દ્રમુકનું પ્યાદું છે. આ મામલે રાહુલ ગાંધીએ તો ખાસ હસ્તક્ષેપ કરવો જોઈએ કારણ કે તેઓ 'મોહબ્બત કી દુકાન' ખોલવાનો દાવો કરતા ફરે છે. શું મોહબ્બતની આ કથિત દુકાનના ભાગીદારોને દેશના ૮૦ ટકા હિંદુઓને અપમાનિત કરવા અને તેમના પ્રત્યે ઘૃણા ફેલાવવાની છૂટ મળેલી છે? પ્રશ્ન એ પણ છે કે શું ઉદયનિધિ સ્ટાલિન આવું કોઈ નિવેદન કોઈ અન્ય મત-મજહબ માટે આપી શકે, જેવું તેણે સનાતન એટલે કે હિંદુ ધર્મ માટે આપ્યું? આખરે વિપક્ષી ગઠબંધનના નેતાઓ ક્યાં છે જેઓ આ ગઠબંધનના એ કાર્યસમૂહના સદસ્ય છે, જેમનું કામ મીડિયા સાથે સંવાદ કરવાનો છે? એક પ્રશ્ન એ પણ છે કે શું ઉદયનિધિ સ્ટાલિનનું નિવેદન વિપક્ષી ગઠબંધનના

### ગુજરાતમાં લોકસભાની ચૂંટણી પહેલા ભર્તીની મોસમ

# આદિવાસી નેતા અર્જુન રાઠવાનું આપના તમામ હોદ્દા પરથી રાજીનામું

## અર્જુન રાઠવાના રાજીનામા બાદ તેઓ કયા પક્ષમાં જોડાશે તેની કોઈ સ્પષ્ટતા સામે આવી નથી



અમદાવાદ,

ગુજરાતમાં લોકસભાની ચૂંટણી પહેલા ભર્તીની મોસમ શરૂ થઈ ગઈ છે. ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના નેતાઓ પક્ષપલટો કરવાની ઘટનાઓ સામે આવી રહી છે. ત્યારે વિધાનસભાની ચૂંટણીમાં બહુ ગાજેલી આમ આદમી પાર્ટીના મોટા માથા પાર્ટી છોડતા હવે પક્ષમાં સળવળાટ શરૂ થઈ ગયો છે. આમ આદમી પાર્ટીના વાઈસ પ્રેસિડેન્ટ અને આદિવાસી નેતા અર્જુન રાઠવાએ પોતાના તમામ પદો પરથી રાજીનામું ધરી દીધું છે. તેમણે પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી અને પ્રભારી તથા રાષ્ટ્રીય સંગઠન મંત્રી ડો. સંદીપ પાઠકને રાજીનામું લખીને મોકલી આપ્યું છે. અર્જુન રાઠવાના રાજીનામા બાદ તેઓ કયા પક્ષમાં જોડાશે તેની કોઈ સ્પષ્ટતા સામે આવી નથી.

પ્રાપ્ત વિગતો પ્રમાણે આમ આદમી પાર્ટીના વાઈસ પ્રેસિડેન્ટ અને આદિવાસી નેતા અર્જુન રાઠવાએ આમ આદમી પાર્ટીમાંથી રાજીનામું આપી દીધું છે. તેમણે ઈસુદાન ગઢવી અને ડો. સંદિપ પાઠકને લખેલા રાજીનામા પત્રમાં કહ્યું છે કે, હું મારી ગુજરાત પ્રદેશના ઉપાધ્યક્ષ તેમજ રાષ્ટ્રીય કાર્યકારિણીના સભ્ય તરીકેની જવાબદારીમાંથી તેમજ સામાન્ય સભ્યપદેથી રાજીનામું આપું છું. જે સ્વીકારવા વિનંતી છે. તેમણે અચાનક રાજીનામું શા માટે આપ્યું તે પાછળનું કોઈ કારણ હજુ સુધી સ્પષ્ટ થયું નથી. લોકસભાની ચૂંટણી નજીક આવતાં જ પાર્ટીના અનેક નેતાઓ પાર્ટી છોડી રહ્યાં છે. પ્રો. અર્જુન રાઠવા આગામી સમયમાં અન્ય કોઈ પાર્ટીમાં જોડાશે તે અંગેની ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે. તેમણે આમ આદમી પાર્ટીના ઉમેદવાર તરીકે ૨૦૧૪માં છોટા ઉદેપુર લોકસભાની ચૂંટણી લડી છે. ૨૦૨૨માં પણ તેઓ આમ આદમી પાર્ટીના ઉમેદવાર તરીકે ચૂંટણી લડી હતી. આદિવાસી વિસ્તાર છોટા ઉદેપુરમાં જન્મેલા અર્જુન રાઠવાએ યુ.કેથી એમ.એ નો અભ્યાસ કર્યો છે. તેમણે એમ.ફીલની ડીગ્રી મેળવી છે. તેઓ છેલ્લા ૧૭ વર્ષથી આદિવાસીઓના પ્રશ્ને કાર્યરત છે. જ્યાં પાવી જેતપુર આર્ટસ કોલેજમાં તેવો લાંબા સમયથી અંગ્રેજીના પ્રોફેસર છે.

# શિક્ષકોના મેડિકલ ખર્ચ માટે પૂર્વ વિદ્યાર્થીઓની ૫૦ લાખની અનોખી ગુરુદક્ષિણા

અમદાવાદ,

આમ તો ગુરુ અને શિષ્યની વાત આવે ત્યારે ગુરુ દ્રૌણ અને એકલવ્યની વાત જરૂરથી થાય કારણ કે એકલવ્યએ પોતાના ગુરુને ડાબા હાથનો અંગૂઠો કાપી ગુરુ દક્ષિણા આપી હતી. પરંતુ હાલના સમયમાં ગુરુ દક્ષિણાનું અનોખું ઉદાહરણ સામે આવ્યું છે. અમદાવાની એક સ્કૂલમાંથી નિવૃત થઈ ગયેલા શિક્ષકોના મેડિકલ ખર્ચ માટે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ ૫૦ લાખનું ભંડોળ એકઠું કરી ગુરુ દક્ષિણા સ્વરૂપે આપ્યું છે.

આગામી ત્રણ વર્ષમાં ૫ કરોડનું ભંડોળ ઊભું કરવાનો સંકલ્પ પણ કર્યો છે. વાત છે અમદાવાદની ખાનગી સ્કૂલની કે જેણે આ અનોખું અભિયાન શરૂ કર્યું છે. ઉદગમ સ્કૂલ અને તેના પૂર્વ વિદ્યાર્થીઓની શિક્ષક દિને પૂર્વે જ નિવૃત્ત શિક્ષકોના મેડિકલ ખર્ચ માટેના રકમ મોટી જાહેરાત કરી છે. ઉદગમ સ્કૂલ ફોર ચિલ્ડ્રનના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર મનન ચોકસી જણાવે છે કે, વ્યક્તિના જીવન ઘડતરમાં ગુરુનું સ્થાન ખૂબ ઊંચું હોય છે એટલે ગુરુ માટે જેટલું કરો તે ઓછું છે. હાલની દુર્ભાગ્યપૂર્ણ વાસ્તવિકતા છે કે, નિવૃત્ત શિક્ષકો પેન્શન, મહેનતાણુ અથવા મેડિકલ લાભો માટે હકદાર ન હોવાથી તેમને ઘણીવાર પર્યાપ્ત હેલ્થકેરનો ખર્ચ ઉઠાવવામાં મૂશ્કેલીઓનો સામનો કરવો પડતો હોય છે. જેથી શાળા અને પૂર્વ વિદ્યાર્થીઓ સ્કૂલ ટીચર્સ એન્ડ એમ્પલોઈઝ વેલફેર એસોસિયેશન નામે ફંડની રચના કરી છે.

# બંગલો ભાડે રાખી બનાવતા હતા નકલી ઈંગ્લિશ દારૂ

સુરત,

સુરત શહેર પોલીસ દ્વારા નો ડ્રગ્સ ઈન સુરત સીટી નામનું અભિયાન હાથ ધરવામાં આવી રહ્યું છે. આ અભિયાન અંતર્ગત અત્યાર સુધીમાં માદક પદાર્થો તેમજ ડ્રગનું વેચાણ કરતા અનેક શખ્સોને પોલીસ દ્વારા પકડવામાં આવ્યા છે, ત્યારે સુરત પીસીબી પોલીસને સુરત શહેરમાંથી કેમિકલવાળો નકલી ઈંગલિશ દારૂ બનાવવાની મીની ફેક્ટરી પકડવામાં મોટી સફળતા મળી છે.

પોલીસે બે આરોપીની ધરપકડ કરી છે અને કુલ ૯,૨૮,૩૨૦ના મુદ્દામાલ જપ્ત કર્યો છે. પોલીસના હાથે જે બે શખ્સો પકડાયા તે બંને આ કેમિકલ વાળો દારૂ બનાવતા હતા અને તે બંને રીઢા આરોપી હોવાનું સામે આવ્યું છે. શહેર પીસીબી પોલીસમાં ફરજ બજાવતા પોલીસ કર્મીઓને બાતમી મળી હતી કે, ઈચ્છાપોર વિસ્તારમાં આવેલ ડાયમંડ નગરની પોશ સોસાયટીમાં એક બંગલામાં બે શખ્સો કેમિકલવાળો ઈંગ્લિશ દારૂ બનાવવાની મીની ફેક્ટરી ચલાવી રહ્યા છે. ત્યારે આ બાદમીના આધારેના ઈચ્છાપોર ડાયમંડ નગર હાઉસિંગ સોસાયટીના બંગલા નંબર ૬૩માં દરોડાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ દરોડા દરમિયાન પોલીસને કલ્પેશ શામરીયા અને દુર્ગાશંકર ખટીક નામના બે શખસોને ઝડપી પાડવામાં સફળતા મળી હતી. કલ્પેશ શામરીયા જમીન દલાલીનો ધંધો કરે છે અને તે મૂળ રાજસ્થાનનો રહેવાસી છે. તે સુરતના ઉમરા વિસ્તારમાં પાર્લે પોઈન્ટ પાસે આવેલી સરિતા દર્શન સોસાયટીનો રહેવાસી છે. આ ઉપરાંત દુર્ગાશંકર ખટીક મૂળ રાજસ્થાન રહેવાસી છે અને તે સુરતના પાંડેસરા વિસ્તારમાં રહેતો હતો. પોલીસે આ બંગલામાં તપાસ કરતા અલગ-અલગ કંપનીની નાની મોટી દારૂની ખાલી બોટલો મળી આવી હતી. આ ઉપરાંત અલગ-અલગ કંપનીના સ્ટીકરો મળી આવ્યા હતા. આ ઉપરાંત ૪૦ લીટરની કેપેસિટી વાળા પ્લાસ્ટિકના ત્રણ કેરબા કે જેમાં બનાવટી ઈંગ્લિશ દારૂ ભરેલો હતો તે મળી આવ્યા હતા. સાથે જ ૭૫૦ એમએલ રંગવિહીન પ્રવાહી પણ પોલીસને મળ્યું હતું. આ ઉપરાંત અન્ય પણ અલગ-અલગ પ્રકારના કેમિકલો દારૂની નાની મોટી બોટલના ઢાંકણાઓ સહિતની વસ્તુ પોલીસને મળી આવી હતી. આ ઉપરાંત આરોપીની પૂછપરછ કરતાં સામે આવ્યું હતું કે, તેમને ઈંગલિશ દારૂ બનાવવાનું કેમિકલ અથવા ગેટ સર્કલ પાસે આવેલ પેરેડાઈઝ એપાર્ટમેન્ટની દુકાન નંબર ૮માં સંતાડ્યું છે. પોલીસે આ જગ્યા પર તપાસ કરી અને દુકાનમાંથી ૧૦૫૦ લીટર કેમિકલ તેમજ અલગ-અલગ દારૂની બોટલો પણ મળી આવી હતી. આમ પોલીસે ૯,૨૮,૩૨૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

# સહજાનંદ સ્વામી આગળ સર્વોપરી શબ્દ નહીં લગાડવા સાધુ-સંતોની માગ

અમદાવાદ,

સાળંગપુરમાં હનુમાનજીની વિશાળ પ્રતિમાની નીચે ભીંતચિત્રોમાં હનુમાનજીને સહજાનંદ સ્વામીના દાસ દર્શાવતાં વિવાદનો મધપૂડો છંછેડાયો છે. ગઈકાલે આ વિવાદોનો અંત લાવવા માટે એવી જાહેરાત કરવામાં આવી હતી કે આ ભીંતચિત્રોને ૩૬ કલાકમાં ત્યાંથી હટાવવામાં આવશે. ગઈકાલે મોડી રાતે મંદિર પ્રાંગણની લાઈટ બંધ કરી અંધારામાં પોલીસની મદદથી ભીંતચિત્રને દૂર કરવામાં આવ્યા હતા. વિવાદનું સુખદ સમાધાન આવ્યા બાદ પણ સનાતની સંતો હજી નારાજ જોવા મળી રહ્યાં છે. સંતો હજુ પણ આ મામલે લડી લેવાના મૂડમાં હોય એવું દેખાઈ રહ્યું છે. આજે લીંબડીમાં સનાતન ધર્મના સાધુ-સંતોની આજે બેઠક મળી છે. જેમાં તેમની માગણીઓ પરના વિવિધ મુદ્દાઓ પર ચર્ચાઓ થઈ રહી છે. લીમડીમાં સૌરાષ્ટ્ર પીઠ ખાતે સનાતની સંતો મહંતો અને અગ્રણીઓની બેઠકમાં કેટલાક મહત્વના ઠરાવો કરવામાં આવ્યા હતા. આ તમામ ઠરાવો અંગે સ્વામિનારાયણ સંપ્રદાયના સંતો મહંતોને જાણ કરવામાં આવી તાત્કાલિક પણે ઘટતું કરવા જણાવ્યું છે. સનાતન ધર્મના સંતો મહંતો સહિત રાજકારણીઓ તથા સામાજિક કાર્યકરોની મળેલી મિટિંગમાં સહજાનંદ સ્વામી આગળ સર્વોપરી શબ્દ નહીં લગાડવા અને સર્વોપરી હોય તો તેનો ખુલાસો કરવા જણાવ્યું છે.

આ ઉપરાંત સ્વામિનારાયણ સંપ્રદાય દ્વારા ગુજરાતમાં સનાતનની હિંદુ ધર્મ પ્રેમી પ્રજામાં શાંતિ ડહોળવા માટે જે પ્રયાસ થઈ ગયા છે જેમાં સ્વામિનારાયણ સંપ્રદાય દ્વારા રામભક્ત હનુમાનદાદા અને સનાતન ધર્મના દેવી-દેવતાઓનું અપમાન કરીને સનાતન ધર્મના ૧૨૫ કરોડ ભાવિક ભક્તોની લાગણી દુભાવવાનું કૃત્ય કરાયું છે. તથા સ્વામિનારાયણ સંપ્રદાયના સંતો ભક્તો સહજાનંદ સ્વામીને પોતાના ઈષ્ટદેવ માનતા હોવાથી સ્વામિનારાયણ મંદિરોમાં કોઈપણ જગ્યાએ સનાતન ધર્મના દેવી-દેવતાઓનું સ્થાપન નહીં કરવા પણ સ્પષ્ટ જણાવાયું છે. ઉપરાંત સ્વામિનારાયણ સંપ્રદાયોના વિવિધ શાસ્ત્રોમાં જે કોઈ જગ્યાએ સનાતન ધર્મના દેવી-દેવતાઓને નીચા દેખાડવાનો પ્રયાસ થયો છે તે તમામ ભાગ કાયમી ધોરણે દૂર કરવા સ્પષ્ટ ચેતવણી ઉચ્ચારાઇ છે. સનાતન ધર્મના દેવી દેવતાઓને જે કોઈ જગ્યાએ નીચા દેખાડી સહજાનંદ સ્વામીને સર્વોપરી સિદ્ધ કરવાનો જય હિન્દ પ્રયાસ થયો છે તેવા ચિત્રો કે મૂર્તિઓ સ્વામિનારાયણ સંપ્રદાયના તમામ મંદિરોમાંથી દૂર કરવા અને સનાતન ધર્મના નામે કોઈ પણ સંસ્થામાં સ્વામિનારાયણ સંપ્રદાયના સંતો હોદ્દા ઉપર હોય તો તેઓને એ હોદ્દા પરથી તત્કાલ ધોરણે રાજીનામાં લઈને જે હોદ્દા બરખાસ્ત કરવા પણ ચીમકી આપવામાં આવી છે. જ્યારે સનાતન ધર્મના સંતો ખોટા છે અને સ્વામિનારાયણ સંપ્રદાયના સંતો મહંતો સાચા છે એવું કહીને સનાતન ધર્મની લીટી પોતાની લીટી મોટી કરવાના ક્યારેય નહીં કરવા ચીમકી ઉચ્ચારાઇ છે.

આ બેઠકમાં ઉપસ્થિત સનાતની સંપ્રદાયના સાધુ સંતો મહંતોએ ઉગ્ર રજૂઆત કરતા જણાવ્યું હતું કે સનાતન ધર્મની જે જગ્યા સ્વામિનારાયણના સંતોએ કબજે કરેલી હોય એવી તમામ જગ્યાઓ તાત્કાલિક ધોરણે ખાલી કરાવી શ્રી સરકારને પરત કરવી અથવા સનાતન ધર્મની સંસ્થાઓને સોંપી દેવા સ્પષ્ટ રીતે જણાવી દેવાયું છે. આ બેઠકમાં એવું પણ સ્વામિનારાયણ સંપ્રદાયના સંતો મહંતોને જણાવાયું છે કે સનાતન હિન્દુ દેવી-દેવતાઓના ઉપર સ્વામિનારાયણ સંપ્રદાયનું તિલક લગાડવાની ક્યારેય ભૂલ કરવી નહીં આ ભૂલ નહીં પણ પરંતુ ઇરાદા પૂર્વકનું કૃત્ય છે.

જોકે બેઠકમાં એવું પણ સનાતની સંતો મહંતોએ એક જ અવાજમાં જણાવ્યું હતું કે સ્વામિનારાયણ મંદિર કે સ્વામિનારાયણ ધર્મના યોજાયેલા મ્યુઝિયમમાં ચિત્ર પ્રદર્શન કે વિડીયો ફિલ્મોમાં ક્યાંય પણ હિન્દુ સનાતનની દેવી-દેવતા શ્રીરામ કૃષ્ણ, વિવિધ દેવીઓ, હનુમાનજી શિવ પાર્વતીના અપમાનજનક ચિત્રો કે ફિલ્મો બનાવી નહી તેમ પણ જણાવ્યું હતું. આવી જ રીતે સનાતન દેવી-દેવતાઓનું અપમાન ન થાય તેના માટે અને સનાતન ધર્મના ઉત્થાન માટે કાયદાકીય લડત માટે ડોક્ટર વસંતભાઈ પટેલની નિમણૂક કરવાનો પણ સામૂહિક રીતે વસંતભાઈ પટેલ નો પણ નિમણૂક કરવાનો પ્રસ્તાવ રજૂ કરાતા સનાતનની હિંદુ સંતો મહંતોએ સામૂહિક રીતે નિર્ણય કર્યો હતો.સનાતન સંપ્રદાયના સાધુ અન્ય કોઈપણ સંપ્રદાયના સાધુ સંતોને નીચા ગણતા નથી. માટે સ્વામિનારાયણ સંપ્રદાય પણ સાધુ સંત મહંતોએ કોઈ સંપ્રદાય સનાતન સાધુને નીચા ગણવાનો પ્રયત્ન કરશે તો કાયદાકીય પગલા ભરવાની પણ સનાતની ધર્મની બેઠકમાં નિર્ણય કરવામાં આવ્યો હતો.આ ઉપરાંત સમગ્ર સનાતન ધર્મને બચાવવા માટે સનાતન ધર્મ દ્વારા સૌરક્ષણ સમિતિની રચના કરવી અને જેમાં સમગ્ર ગુજરાતમાંથી સાધુ સંતોની નિમણૂક કરવાનો પણ ઠરાવ સર્વનું મતે મંજૂર કરાયો છે

### વડતાલના સાધુએ બળતામાં ઘી હોમ્યું

# ચલમ પિનારા સનાતનીની વાતો ના કરે : દર્શન સ્વામી

## એ લોકો ચલમ પીને પોતાને સનાતની કહેતા હોય તો અમે છાતી કાઢીને તિલક કરીએ છીએ એટલે તમારા કરતા પહેલા અમે સનાતની છીએ

અમદાવાદ,

સાળંગપુર હનુમાનજી મંદિરમાં ભિંતચિત્ર વિવાદ મામલો વધુ ગરમાયો છે. સમાધાનની વાતોની વચ્ચે વડતાલના સ્વામીએ ઉશ્કેરણીજનક નિવેદન આપ્યું છે. વડોદરા ગુરૂકુળના દર્શન સ્વામીએ કહ્યું હતું કે ચલમ પિનારા સનાતનીની વાતો ના કરે. તારા જેટલા સંતો ભેગા થાય તો પણ સ્વામિનારાયણ ભગવાન સર્વોપરી છે. મારા ઈષ્ટદેવ સર્વોપરી છે.

સ્વામિનારાયણ ભગવાન વિરૂદ્ધ સાખી લેવામાં આવશે નહીં. અન્ય સંતો કરતા પહેલા અમે સનાતની છીએ. સ્વામિનારાયણ ભગવાન સર્વોપરી છે. દર્શન સ્વામીએ કહ્યું હતું કે મિત્રો આપણે કોઈનાથી દબાવાનું નથી. એ લોકો ચલમ પીને પોતાને સનાતની કહેતા હોય તો અમે છાતી કાઢીને તિલક કરીએ છીએ એટલે તમારા કરતા પહેલા અમે સનાતની છીએ. મહેરબાની કરી સ્વામિનારાયણ વાળાને છંછેડવાના ધંધા બંધ કરી દો. વિવાદ વકરતા સાળંગપુર કષ્ટભંજન મંદિરની સુરક્ષામાં વધારો કરવામાં આવ્યો હતો. કષ્ટભંજન હનુમાનજી મંદિરમાં પોલીસનો બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

મંદિરની સુરક્ષામાં બે **SRP**ની ટુકડી, પાંચ ડિવાયએસપી, **10 PI, 8 PSI**, ૨૭૫ પોલીસકર્મી, ૧૧૫ **GRD** અને હોમગાર્ડ તૈનાત કરવામાં આવ્યા છે. કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. તે સિવાય અમદાવાદ, ભાવનગર સહિતના સ્વામિનારાયણ મંદિરોની સુરક્ષા વધારવામાં આવી છે. અમદાવાદના કાલુપુર સ્વામિનારાયણ મંદિર બહાર પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. છેલ્લા બે દિવસથી સ્વામિનારાયણ મંદિરની સુરક્ષામાં વધારો કરાયો હતો. ગઢડા, વડતાલ સ્વામિનારાયણ મંદિરની પણ સુરક્ષા વધારાઈ છે. ગઈકાલે સાળંગપુરમાં ચાલી રહેલા વિવાદ મામલે સ્વામિનારાયણના સંતોની બેઠક મળી હતી. આ બેઠક અંદાજે ત્રણ કલાક ચાલી હતી. સ્વામિનારાયણ સંપ્રદાયના ૬ મુખ્ય મંદિરો અમદાવાદ, ધોલેરા, જૂનાગઢ, ભૂજ, ગઢડા અને વડતાલના ૫૦ જેટલા સંતોની બેઠક મળી હતી.

### અમદાવાદમાં પ્રથમ વખત આંતરરાષ્ટ્રીય ટેનિસ ટૂર્નામેન્ટ

# અમદાવાદમાં ૧૧થી ૧૬ સપ્ટેમ્બરે આઈટીએફ જે૩૦ ટેનિસ ટૂર્નામેન્ટ યોજાશે

અમદાવાદ,

અમદાવાદમાં ૧૧મી સપ્ટેમ્બરે અમદાવાદમાં પ્રથમ વખત આઈટીએફ જે૩૦ ટેનિસ ટૂર્નામેન્ટ યોજાશે , જેમાં ગુજરાતના ૧૪ સહિત દેશના ૧૬૦ સ્પર્ધકો ભાગ લેશે. અંડર-૧૮ સ્પર્ધાના ૯મી અને ૧૦મી સપ્ટેમ્બરે ક્વોલિફાઈંગ રાઉન્ડ બાદ ૧૧ સપ્ટેમ્બરે મુખ્ય સ્પર્ધા શરૂ થશે. અમદાવાદના નવરંગપુરા સરદાર પટેલ સ્ટેડિયમમાં અમદાવાદ સિટી ટેનિસ ફાઉન્ડેશન, ખાતે યોજાનારી સ્પર્ધા ૯ હાર્ડ સિન્થેટિક કોર્ટ પર રમાશે.

આ બાબતે ગુજરાત સ્ટેટ ટેનિસ એસોસિએશનના પ્રમુખ ચિંતન પરીખે કહ્યાં હતું કે આઈટીએફ જે૩૦ ટેનિસ ટુર્નામેન્ટમાં દેશભરના યુવા ટેનિસ ખેલાડીઓની પ્રતિભા દર્શાવવાની તક મળશે. છોકરાઓ અને છોકરીઓની શ્રેણીમાં લગભગ ૧૬૦ સહભાગીઓ સાથે, આ ટુર્નામેન્ટ અત્યંત રસપ્રદ બનશે. ગુજરાતના ખેલાડીઓને સ્પર્ધામાં ક્ષમતા દર્શાવવાની તક મળે એ હેતુથી સાત વાઈલ્ડ કાર્ડ્સ એન્ટ્રી અપાઈ છે. એસીટીએફના માનદ સચિવ ભરત ચોકસીએ કહ્યું કે, આ સ્પર્ધાથી રાજ્યના ખેલાડીઓને વૈશ્વિક સ્તરે તેમની પ્રતિભા દર્શાવવાની તક સાંપડશે. જીએસટીએના માનદ સચિવ શ્રીમલ ભટ્ટે સ્પર્ધા અંગે વધુ માહિતી આપતા કહ્યું કે, છોકરાના ગ્રુપમાં વ્રજ ગોહિલ ટોપ સીડ છે, સ્મિત પટેલ સ્પર્ધામાં એક્શનમાં જોવા મળશે અને ગર્લ્સ કેટેગરીમાં જાન્વી આસવા, પ્રિયંકા રાણા અને અવની ચિતાલેને આંતરરાષ્ટ્રીય પ્લેટફોર્મ મળશે. ૨૫૦ ની આસપાસ ઉચ્ચ આઈટીએફ જુનિયર રેંકિંગ મેળવનારા ખેલાડીઓને ગ્રાન્ડસ્લેમ ઈવેન્ટ્સમાં પણ ભાગ લેવાની તક મળશે અને આ ટુર્નામેન્ટ તેમને મૂલ્યવાન આઈટીએફ વર્લ્ડ રેંકિંગ પોઈન્ટ્સ મેળવવાની તક પૂરી પાડશે જે અનુસાર વિજેતા છોકરાઓને ૩૦, રનર્સ અપને ૧૮ અને છોકરીઓમાં વિજેતાને ૨૫ અને રનર્સઅપને ૧૩ પોઈન્ટ મળશે. સ્પર્ધા નવરંગપુરા સરદાર પટેલ સ્ટેડિયમમાં આવેલી અમદાવાદ સિટી ટેનિસ ફાઉન્ડેશનના ટેનિસ કોર્ટ ખાતે ૧૧ સપ્ટેમ્બરથી ૧૬ સપ્ટેમ્બર દરમિયાન સવારે ૮થી રાતના આઠ વાગે યોજાશે.

# જન્માષ્ટમી પહેલાં રંગીલા રાજકોટના બજારોમાં મંદીનો માહોલ સર્જાયો

રાજકોટ,

અહીંયાના લોકો જીવન શાનથી જીવે છે પણ રંગીલા નામે ઓળખાતા રાજકોટ શહેરમાં આ વખતે મોંઘવારીની માર દેખાઈ રહી છે. દર વર્ષે જન્માષ્ટમી પહેલા રાજકોટના ધર્મેન્દ્ર રોડ પર તેજીનો માહોલ જામતો હોય છે. પરંતુ આ વખતે બજારમાં સુસ્તીનો માહોલ નજરે પડી રહ્યો છે. એવું લાગી રહ્યું છે કે, જાણે રાજકોટવાસીઓને મંદીનો માર નડી રહ્યો છે. આ વખતે બજારમાં ખૂબ ઓછા લોકો પ્રમાણમાં લોકો ખરીદી કરી રહ્યા છે જેના કારણે વેપારીઓને હાલ મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ધર્મેન્દ્ર રોડ વેપારી એસોસિએશનના પ્રમુખ પ્રાંત કલ્યાણીએ જણાવ્યું હતું કે, સાતમ-આઠમ પર જે ઘરાકી આ રોડ પર જોવા મળતી એ ઘરાકી આજે આ રોડ પર જોવા મળી રહી નથી. ધર્મેન્દ્ર રોડ એટલે સૌરાષ્ટ્રની શાન કારણ કે, રાજકોટ સહિત સૌરાષ્ટ્રના લોકો અહીંયાથી પોતાના કપડાંથી લઈને મોટાભાગની ખરીદી કરે છે.



શાહીબાગ ડફનાળા પાસે ગોગા મહારાજના મંદિરમાં નાગપંચમી નિમિત્તે નાગનું પૂજન કરી રહેલ શ્રદ્ધાળુઓ.

### મોટી સંખ્યામાં ભક્તોએ કર્યા દર્શન

# શ્રાવણના સોમવારે સોમનાથ હર હર મહાદેવના નાદથી ગુંજ્યું

### શ્રાવણ મહિનામાં દૂર દૂરથી આવતા ભાવિ ભક્તો પણ એક બે વાર નહિ પરંતુ અનેક વાર મહાદેવના દર્શન કરી ધન્યતા અનુભવે છે

ગીર સોમનાથ,

આજે શ્રાવણ માસના ત્રીજા સોમવારે ગીર સોમનાથમાં ભાવિક ભક્તોની ભારે ભીડ જોવા મળી રહી છે. શ્રાવણ માસના ત્રીજા સોમવાર અને નજીકમાં જન્માષ્ટમીના તહેવારોને કારણે ભાવિકો ઉમટી પડયા છે.

વહેલી સવારે મહાદેવના કપાટ ખુલતાની સાથે પ્રભાસ ક્ષેત્ર હરહર મહાદેવના નાદથી ગુંજી ઉઠ્યું હતુ. પવિત્ર શ્રાવણ માસ અડધો પસાર થઈ ચૂક્યો અને નજીકમાં જન્માષ્ટમી સહિતના તહેવાર પણ આવી રહ્યા છે. ત્યારે આજે પવિત્ર શ્રાવણ માસના ત્રીજા સોમવારને લઈ દેશના પ્રથમ જ્યોતિર્લિંગ વિશ્વ પ્રસિદ્ધ સોમનાથ મહાદેવના દર્શને મોટી સંખ્યામાં ભાવિકો ઉમટી પડ્યા હતા. વહેલી સવારે શ્રાવણ માસના સોમવારને લઈ સોમનાથ મંદિર ભાવિ ભક્તો માટે સવારે ૪ વાગ્યે ખોલવામાં આવે છે અને અવિરત રાત્રીના ૧૦ વાગ્યા સુધી ભક્તો મહાદેવના દર્શન કરી શકે તે માટે સોમનાથ ટ્રસ્ટ દ્વારા સતત ખુલ્લું રાખવામાં આવે છે. શ્રાવણ મહિનામાં દૂર દૂરથી આવતા ભાવિ ભક્તો પણ એક બે વાર નહિ પરંતુ અનેક વાર મહાદેવના દર્શન કરી ધન્યતા અનુભવે છે. સોમનાથ મહાદેવ કે જેમના ભક્તો ભારતભરમાં જ નહિ પરંતુ વિદેશમાં પણ આટલા ભક્તો જોવા મળે છે. ત્યારે કેટલાક ભક્તો મહાદેવના દર્શન સોશિયલ મીડિયાના માધ્યમથી કરતા હોય છે. તો કેટલાક વિદેશમાં વસતા ભક્તો પ્રૂયક્ષ દર્શન માટે પણ આવતા હોય છે. ત્યારે દૂર દૂરથી આવતા ભાવિ ભક્તો પણ મહાદેવના દર્શન અને સોમનાથ આસપાસના ખુશનુમા વાતાવરણ અને સમુદ્રનો નજારો જોઈને અલગ જ અનુભૂતિ કરે છે.

# લાઉડ સ્પીકરના નિયમો દરેક ધાર્મિક સ્થાનોમાં લાગુ પડશે

અમદાવાદ,

રાજ્યમાં લાઉડ સ્પીકર ધ્વનિ પ્રદૂષણ મામલે થયેલી અરજીનો રાજ્ય સરકારે કોર્ટ સમક્ષ સ્વીકાર કર્યો છે. પૂર્વ મંજૂરી મેળવ્યા વિના લાઉડ સ્પીકરના થતા ઉપયોગ સામે રાજ્ય સરકાર હવે કાર્યવાહી કરશે.અત્રે ઉલ્લેખનીય છે કે, લાઉડ સ્પીકરના ઉપયોગ અંગેના નિયમો ધાર્મિક સ્થાનોને પણ સરખી રીતે જ લાગુ પડશે. સ્થાનિકોને અગવડ પડે તે રીતના લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવા પર અંકુશ મુકાશેલગ્ન પ્રસંગ, રાજકીય મેળાવડા સહિતના ઉત્સર કે ધાર્મિક રેલી પ્રસંગોમાં ડીજે ટ્રક, મોટા લાઉડસ્પીકર કોઈ પણ જાતના નિતિ નિયમો વગર રાજ્યભરમાં ધ્વનિ પ્રદૂષણ ખૂબ જ ગંભીર રીતે ફેલાઈ રહ્યું છે. જેનાથી નાગરિકોને હેરાન પરેશાન થવાનો વારો આવ્યો છે. તેમજ ધ્વનિ પ્રદૂષણ ફેલાવતા મ્યુઝિક સિસ્ટમને કારણે બાળકો, વયોવૃદ્ધને ભારે તકલીફ ભોગવવી પડે છે. ત્યારે જે સમગ્ર બાબતને લઈ હવે રાજ્ય સરકાર કડક કાર્યવાહી કરશે. અગાઉ રાજ્યમાં લાઉડ સ્પીકર અને Dj ધ્વનિ પ્રદૂષણ મામલે હાઈકોર્ટે સરકારને ટકોર કરી છે. ત્યારે આ મામલો સરકારી એડવોકેટ જનરલે પણ ધ્વનિ પ્રદૂષણ એક સમસ્યા હોવાનું સ્વીકાર્યું હતું. અરજદાર દ્વારા રિજોઈન્ડર દાખલ કરી સૂચનો આપવામાં આવ્યા હતા. જેમાં અરજદારે ધ્વનિ પ્રદૂષણ મુદ્દે તંત્ર સાથે લોકજાગૃતિ પણ જરૂરી જણાવ્યું હતું. GPCB ના જાહેરનામા મુજબ અવાજની લિમીટ લગાવવામાં આવે તેવી અરજદાર દ્વારા રજૂઆત પણ કરવામાં આવી હતી.

# સુરતમાં બહેનના ઘરે જવાનું કહી પતિ રફુચક્કર

ગીર સોમનાથ,

અમદાવાદઃ શહેરના જુહાપુરામાં રહેતી યુવતીને તેનો પતિ અમદાવાદ પિતાને મળવા માટે લાવ્યો હતો. બાદમાં તે રેલવે સ્ટેશન ઉતરીને બહેનના ઘરે જવાનું કહીને રફુચક્કર થઈ ગયો હતો.

બાદમાં યુવતીને ફોન કરીને ફોનમાં ત્રણ વાર તલાક કહી દેતા યુવતી પરત સાસરે ગઈ હતી. ત્યારે પતિની પહેલી પત્ની પણ ત્યાં હાજર હોવાથી પતિએ યુવતીને રાખવાની મનાઈ કરી કાઢી મૂકતા યુવતીએ ફરિયાદ નોંધાવી છે. જેને લઈને વેજલપુર પોલીસે તપાસ હાથ ધરી છે. મળતી માહિતી પ્રમાણે, જુહાપુરામાં રહેતી ૩૧ વર્ષીય યુવતીના સુરતમાં રહેતા યુવક સાથે બે વર્ષ પહેલાં લગ્ન થયા હતા. લગ્ન બાદ તેના પતિ અને નણંદ સહિતના લોકો ત્રાસ આપતા હતા. નણંદ આ યુવતીને કહેતી કે મારા ભાઈના તારી સાથે લગ્ન કરાવી મોટી ભૂલ કરી છે અને તેની પહેલી પત્ની પાછી લાવવી છે. આ પ્રકારનો ત્રાસ આપી સાસરિયાઓ યુવતીને માર મારી પરેશાન કરતા હતા. યુવતી સાસરે રહેતી હતી ત્યારે તેને જાણ થઈ કે, તેના પતિના આ ત્રીજા લગ્ન હતા. બાદમાં એક દિવસ યુવતીના પતિએ તેને પિતાના ઘરે જઈને આવીએ તેમ કહી અમદાવાદ લઈને આવ્યો હતો.

# સુરતના પાંડેસરમાં ૧ ૨ વર્ષની કિશોરીએ ગળેફાંસો ખાધો

સુરત,

સુરતના પાંડેસરામાં રત્ન કલાકારની ૧૨ વર્ષની દીકરી રહીતિએ ગળેફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું છે. કર્મયોગી સોસાયટી નંબર-૨માં રહેતી કિશોરીએ રૂમની અંદર દુપટ્ટો અને રૂમાલ વડે ગળેફાંસો ખાંધો હતો. મૃતક કિશોરી ધોરણ-૭માં અભ્યાસ કરતી હતી.

સુરત શહેરમાં વધુ એક આપઘાતનો બનાવ બનતા ચકચાર મચી છે. પાંડેસરામાં રત્ન કલાકારની ૧૨ વર્ષની દીકરી રહીતિએ ગળેફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું છે. કર્મયોગી સોસાયટી નંબર-૨માં રહેતી કિશોરીએ રૂમની અંદર દુપટ્ટો અને રૂમાલ વડે ગળેફાંસો ખાંધો હતો. મૃતક કિશોરી ધોરણ-૭માં અભ્યાસ કરતી હતી.

જો કે આપઘાતનું કારણ અકબંધ છે. બનાવને પગલે લોકોના ટોળા ભેગા થયા હતા. દીકરીના આપઘાતથી પરિવારમાં શોકનો માહોલ છવાય.મૃતકના પિતા રત્ન કલાકારનું અને માતા શૂટ કટિંગનું કામ કરતી હતી.

### શ્રાવણ માસને લઈ ઠેર ઠેર પોલીસ ચાંપતી નજર

# વસ્ત્રાપુરના ન્યુયોર્ક ટાવરમાં ચાલતા જુગારના અડ્ડા પર PCBની રેડ પડી

અમદાવાદ,

હાલમાં શ્રાવણ માસને લઈ ઠેર ઠેર પોલીસ ચાંપતી નજર રાખી રહી છે. જેની વચ્ચે હવે અમદાવાદમાં PCB એ વસ્ત્રાપુરના ન્યુયોર્ક ટાવરમાં ચાલતા જુગારના અડ્ડા પર રેડ કરી છે. રેડ દરમ્યાન ૧૯ લોકો સ્થળ પર હાજર મળી આવ્યા. જુગારીઓએ જુગાર રમવા ઓફિસ રાખી હતી.અમદાવાદમાં PCB ટીમે વસ્ત્રાપુર વિસ્તારમાં દરોડા પાડ્યા. આ જુગારધામ રેડમાં ૧૯ જુગારી જુગાર રમતા ઝડપાયા છે.

સાણંદ APMC ચેરમેન ખેંગાર સોલંકીને પણ આ રેડમાં ઝડપી પાડ્યો છે. જુગાર રમવા ન્યૂયોર્ક ટાવરમાં ઓફિસ રાખી હતી. બુકી ધવલ ઉંઝા આ સમગ્ર જુગારનો અડ્ડો ચલાવતો હતો.PCB ટીમે વસ્ત્રાપુર વિસ્તારમાં દરોડા પાડી આ સમગ્ર વાતનો પર્દાફાશ કર્યો હતો. જોકે આ રેડમાં અનેક માહિતીઓ સામે આવી હતી. જેમાં જુગાર રમવા માટે ઓફિસમાં રુપિયા ગણવાનું મશીન પણ આ જુગારીઓ રાખતા હતા. પોલીસે સ્થળ પર રેડ કરી રોકડ ૭૦ હજાર, ૩ ગાડી મળી લાખોનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

Publisher, Printer and Owner : VIJYABEN VANRAJSINH SISIDIYA • Printed at : Dharti Printers,
C/3, Shankar Chambers (Basement), Nr. H. K. Huose, Opp. Mrudul Tower, Ashram Road, Ahmedabad and published from Junagadh
C-3, 2nd Floor, City Point Complex, Opp. New Collector Office,Meeranagar Main Road, Junagadh-362001 (Gujarat) • Editor : Vijyaben Vanrajsinh Sisidiya